**<u>સ્પે.દિ.મુ.નં.૫૯/૨૦૧૮</u>**

**<u>//આંક–૫ હેઠળ સી.પી.સી.૧૫૧ તથા ઓર્ડર–૩૯ રૂલ ૧, ૨ મુજબ કામચલાઉ મનાઈ હુકમ મેળવવા બાબત...//</u>**

(૧) આ દાવાના કામે વાદી તરફે સદરહું દાવો જાહેરાત તથા જ્ઞાપન ઠરાવી આપવા માટે કરવામાં આવેલ છે અને સદરહું કામે આંક–૫ ની અરજી સી.પી.સી. ઓર્ડર ૩૯, રૂલ ૧, ૨ તથા કલમ–૧૫૧ દાવો ચાલતા દરમ્યાન મુજબ કામ ચલાઉ મનાઈ મેળવવા આપવામાં આવેલ છે જેમાં વાદીએ હાલની અરજ દાવાવાળી મિલકત મોજે લસુંદ્રા, તા.સાવલી, જિ.વડોદરાના બ્લોક નં.૧૩ (જુના સર્વે નં.૧૭/૨ તથા ૧૮) વાળી ખેતી વિષયક જમીન જેનું ક્ષેત્રફળ ૦–૮૪–૯૮ હે.આરે.ચો.મી. છે તે મિલકત વાદીઓના કાયદેસર માલીકી હકકે પ્રત્યક્ષ કબજા ભોગવટામાં વડીલોના વખતથી સતત ચાલતી આવેલ છે અને વાદીઓ સદર મિલકતમાં ઘર બાંધી રહે છે તથા સદર બાકીની જમીનમાં ખેતી તથા પશુપાલન કરતા આવેલ છે. આથી આ કામના પ્રતિવાદી નં.૪, ૫ જાતે કે તેમના મળતીયા ઈસમો મારફતે વાદીના કબજા ભોગવટામાં હેલો હરકત કરે નહી કે તેમાં રહેતાં, ખેતી કરતા અને પશુપાલન કરતાં અટકાવે નહી કે તેનો કબજો વાદીઓ પાસેથી બળજબરીપુર્વક કે ગેરકાયદેસર રાહે છીનવી લે નહી તેવો વાદીઓના લાભમાં પ્રતિવાદી નં.૪ અને ૫ ની વિરૂધ્ધમાં વચગાળાનો મનાઈ હુકમ સદર કામનો દાવો ચાલતા દરમ્યાન માંગેલ છે.

વધુમાં જણાવેલ છે કે, આ કામના પ્રતિવાદી નં.૪ અને ૫નાઓ સદર મિલકત કે તેનો કોઈ હિસ્સો વેચાણ, ગીરો, બક્ષીસ, ભાડાપટ્ટે, અદલાબદલી, વિલ કે અન્ય રીતે તબદીલ કરે નહી કે સદર જમીનને બીનખેતમાં ફેરવે નહી કે સદર જમીનમાં કોઈ ખોદકામ કે બાંધકામ કરે કરાવે નહી તે તેના સ્વરૂપમાં ફેરફાર કરે નહી કે સદર મિલકતમાં રહેલા વાદીઓના હકક, હીતને નુકશાન થાય તેવું અન્ય કૃત્ય કરે કરાવે નહી તેવો વાદીઓના લાભમાં અને તમામ પ્રતિવાદીઓની વિરૂધ્ધમાં દાવો ચાલતા દરમ્યાનનો વચગાળાનો મનાઈ હુકમ તેમજ અરજીનો ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી તથા ન્યાયના હીતમાં યોગ્ય હોય તેવી અન્ય તમામ દાદ આપવા નામ.કોર્ટને જણાવેલ છે.

(૨) સદર હુકમ આંક–૫ લગત હોય તે અરજીની હકીકત દોહરાવવામાં આવેલ નથી. સદર કામે પ્રતિવાદી નં.૩, ૪ અને ૫ નાએ વાદીના દાવા તથા મનાઈ હુકમની અરજનો સંયુકત જવાબ આંક–૧૪ થી રજુ કરી સદર મનાઈ અરજ અન્વયે જણાવેલ છે કે,

વાદીના દાવા તેમજ મનાઈ અરજની તમામ હકીકતો ખોટી હોઈ પ્રતિવાદીઓને લેશમાત્ર કબુલ નથી. તેવુ દાવો કરવા માટે કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી. જેથી વાદીનો દાવો તથા મનાઈ હુકમ અરજ રદ કરવા જણાવેલ છે. આ કામના વાદીએ માંગેલ દાદ મેળવવા તેઓ હકકદાર નથી. તેમજ સદરહું દાવાવાળી જમીન ઉપર વાદીનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, સંબંધ સમાયેલો નથી.

આ કામની ખરી હકીકત એવી છે કે, આ કામના પ્રતિવાદી નં.૧ અને ૨ નાએ પ્રતિવાદી નં.૩ ને તા.૫/૫/૨૦૧૭ ના રોજ સબ રજીસ્ટ્રાર કચેરીમાં રજી.દસ્તાવેજ નં.૪/૧૭ થી રૂા.૭,૪૦,૦૦૦/– પુરા આપીને કબજા સાથેનો વેચાણનો દસ્તાવેજ કરી આપેલો છે જ દસ્તાવેજમાં પ્રતિવાદીઓની સહી છે અને સાક્ષીઓમાં સોલંકી અશોકભાઈ કાંતીભાઈ તથા સોલંકી બાબુભાઈ ચીમનભાઈનાઓની રૂબરૂ સાવલી રજીસ્ટ્રાર કચેરીમાં પૈસા લઈને કબજા સાથેનો વેચાણ કરી આપેલો છે જે આ કામે વાદીએ પોતાના લીસ્ટમાં નિ.૪/૨૮ થી રજુ કરેલો છે. આમ, સદરહું વાદવાળી મિલકતના માલીકો વાદી નહી પરંતુ પ્રતિવાદી નં.૧,૨ હતા અને તેઓનુ નામ રેવન્યુ રેકર્ડમાં ચાલતુ હોવાના કારણે અને તેમને વેચાણ કરવાનો હકક અને અધિકાર હવાથી પ્રતિવાદી નં.૧, ૨ નાએ પ્રતિવાદી નં.૩ ને વેચાણ દસ્તાવેજ કરી આપેલો અને પ્રતિવાદી નં.૩ નાએ પ્રતિવાદી નં.૪ અને ૫ ને વાદવાળી મિલકત રજી.વેચાણ દસ્તાવેજથી વેચાણ કરી આપેલી છે. જે તા.૨૪/૫/૨૦૧૮ ના રોજ રૂા.૫,૨૫,૦૦૦/– રોકડા લઈને સાવલી સબ રજી.કચેરીમાં કરી આપેલો છે જેમાં પ્રતિવાદી નં.૩ ની સહી છે અને જે દસ્તાવેજ બે સાક્ષીઓની રૂબરૂ કરી આપેલો છે. જે આ કામે વાદીએ પોતાના દાવાના લીસ્ટના નિ.૪/૫૪ થી રજુ કરેલ છે. આમ, વાદવાળી મિલકત વાદીઓની કયારેય હતી નહી અને રેવન્યુ રેકર્ડ ઉપર પ્રતિવાદી નં.૧, ૨ માલીક હોય તેઓને પ્રથમ પ્રતિવાદી નં.૩ ને વેચાણ આપેલી અને ત્યારબાદ પ્રતિવાદી નં.૩ નાએ પ્રતિવાદી નં.૪, ૫ ને રજી.દસ્તાવેજ કરી આપેલ જે વેચાણની નોંધ નં.૨૬૮૧ તા.૨૧/૮/૨૦૧૮ ના રોજ પ્રમાણિત થયેલ છે. આ કામના

વાદીઓએ પ્રતિવાદીઓ સામે વેચાણની નોંધ નં.૨૬૮૧ થી પડેલી તેની સામે વાંધો પણ આપેલો તે વાંધાનો તકરારી કેસ નં.૨૪૧૮ અન્વયે મામલતદારશ્રી, સાવલીનાએ વેચાણની નોંધ નં.૨૬૮૧ આ કામના પ્રતિવાદી નં.૪,૫ તરફે મંજુર કરેલ અને તે આધારે રેવન્યુ રેકર્ડ ઉપર હાલમાં પ્રતિવાદી નં.૪, ૫ નાઓ કબજેદાર/ માલીક થયેલા છે. તે બાદ પ્રતિવાદી નં.૪,૫ નાએ કબજેદાર/ માલીક થયા બાદ બરોડા ગ્રામીણ બેંકમાંથી રૂા.૩,૫૫,૦૦૦/– નો ધીરાણ પણ મેળવેલો છે જેની નોંધ રેકર્ડ પર ૨૭૦૨ થી પાડવામાં આવેલ છે. આમ, વાદવાળી મિલકતના માલીક હાલમાં પ્રતિવાદી નં.૪,૫ છે જેથી હાલના કામે વાદીએ જે વેચાણ દસ્તાવેજ રદ કરવાનો દાવો કરેલ છે તે ગેરકાયદેસરનો અનાધિકારનો અને ફકત મની માઈન્ડેડ દાવો દાખલ કરેલ હોય રદ થવાને પાત્ર છે.

વાદીઓ પોતાના દાવામાં જે દસ્તાવેજો રદ કરવાની બાબત લાવેલા છે જેમાં વેચાણ દસ્તાવેજ નં.૯૧૪ તા.૨૪/૫/૨૦૧૮ નો રદ કરવાની માંગણી કરેલ છે ખરેખર સૌપ્રથમ પ્રતિવાદી નં.૧,૨ કે જે ખરા માલીક હતા તેમણે પ્રતિવાદી નં.૩ ને જે દસ્તાવેજ કરી આપેલો તે રદ કરવા આવેલા નથી એનો પણ ખુલાસો કરીએ છીએ કે, પ્રતિવાદી નં.૧ ,૨ અને ૩ હિન્દુ વ્યકિતઓ હતા અને હાલમાં પ્રતિવાદી નં.૪, ૫ મુસ્લીમ ઈસમો છીએ જેથી અગાઉનો દસ્તાવેજ ચેલેન્જ કરેલો નથી પરંતુ ફકત હેરાન કરવા પ્રતિવાદી નં.૪, ૫ નો દસ્તાવેજ ચેલેન્જ કરવા આવેલા છે. આમ, દસ્તાવેજની તારીખો જોતાં તા.૫/૫/૨૦૧૭ નો દસ્તાવેજ ચેલેન્જ કરેલો નથી અને તા.૨૪/૫/૨૦૧૮ નો દસ્તાવેજ ચેલેન્જ કરેલો છે કારણ કે દાવો દાખલ કરવાનું જે કારણ બતાવેલુ છે તે ઉભુ કરવામાં આવેલુ છે જેથી પણ વાદીનો દાવો રદ થવાને પાત્ર છે.

વાદીના દાવા પેરા નં.૪ નું પ્લીડીંગ જોવામાં આવે તો ધુળાભાઈ નાથાભાઈ સંરક્ષીત ગણોતીયા હતા તેવુ જણાવે છે અને ધુળાભાઈ નાથાભાઈના પ્રતિવાદીઓના વડીલ ભીખાભાઈ સાથે કોઈ સંબંધ ન હતુ તેવુ જણાવે છે ખરેખર તે બાબતે રેવન્યુ કોર્ટમાં પ્રોસીડીંગ્સ ચાલુ છે અને તેમાં પણ વાદીઓ નિષ્ફળ ગયેલા છે. વધુમાં દાવાના પેરા નં.૭ માં વાદી જણાવે છે કે, "અમો સોલંકી છીએ જયારે પ્રતિવાદી નં.૧ અને ૨ પરમાર છે." આમ, પ્રતિવાદી નં.૩,૪ અને ૫ તથા પ્રતિવાદી નં.૧,૨ ના વડીલો વચ્ચે ભાઈઓ ભાગની વહેંચણી થઈ શકે તેવો સંબંધ ન હતો તેમ છતાં તેનો ગેરલાભ લઈ જમીન પચાવી પાડી

ખોટી વહેંચણી દેખાડી તથા તેઓ સદર જમીનના ગણોતીયા ન હોવા છતાં ફેરફાર નોંધ નં.૫૧૬ તા.૧૬/૭/૧૯૬૪ થી ભીખાભાઈ મંગળભાઈએ પોતાનુ નામ રેકર્ડમાં ગેરકાયદેસર રીતે દાખલ કરાવી દીધેલ હતુ આ બાબતે પ્રતિવાદી નં.૩, ૪ અને ૫ નાએ જણાવેલ છે કે, આ નોંધ સામે વાદીએ કોઈ અપીલ કરેલ નથી કે તે બાબતે કોઈ રેકર્ડ રજુ કરેલો નથી. આમ વાદીઓનો દાવો જોતાં ટેનન્સી મેટર હોય પ્રથમ ટેનન્સી રેફરન્સ કરવુ જોઈએ આ કોર્ટને દાવો ચલાવવાની હકુમત પણ નથી જેથી પણ દાવો રદ થવો જોઈએ.

આ કામના વાદીઓએ પ્રથમ દસ્તાવેજ વાદવાળી મિલકતનો પ્રતિવાદી નં.૧, ૨ કાયદેસરના માલીક હોવાથી પ્રતિવાદી નં.૩ ને કરી આપેલો જેની નોંધ નં.૫૧૬ તા.૧૬/૭/૧૯૬૪ ના રોજ પડેલી છે તે નોંધ ચેલેન્જ કરેલી નથી કે તે દસ્તાવેજ પણ ચેલેન્જ કરેલો નથી અને હાલમાં પ્રતિવાદી નં.૪,૫ નાએ પ્રતિવાદી નં.૩ પાસેથી દસ્તાવેજ કરતા હાલનો ખોટો દાવો ઉભો કરેલો છે જેથી રદ થવાને પાત્ર છે.

વાદીના પેરા નં.૯ ની હકીકત જોતાં શરતભંગના કેસની હકીકતો જણાવે છે ખરેખર તેવી કોઈ હકીકતો રેકર્ડ પર હોય તો પ્રતિવાદી નં.૧ ,૨ ના નામ રેવન્યુ રેકર્ડમાં માલીક તરીકે આવે જ નહી જેથી પણ વાદીનો દાવો રદ થવાને પાત્ર છે. વધુમાં આગળ જણાવે છે કે, સદર જમીનમાં કથીત ભાઈઓ ભાગની વહેંચણીથી ભીખાભાઈ મંગળભાઈનું નામ દાખલ કરવાનુ કૃત્ય કાયદા વિરૂધ્ધનુ ઠરાવી તેને રદ કરવામાં આવેલ હતુ. સદર નોંધ નં.૧૨૧૮ ની અસર/ ઈફેકટ બ્લોક નં.૮૧ વાળી જમીન માં નમુના નં.૭/૧૨ અને ૮ અ માં આપવામાં આવેલ હતી. આથી તેમાં આ કામના પ્રતિવાદીઓના વડીલોના નામો પાછા દાખલ થયેલા હતા પરંતુ રેવન્યુ ખાતાની ભુલ અથવા તો શરતચુકના કારણે અસર આપવામાં આવેલ ન હતી આથી ભીખાભાઈ મંગળભાઈનું નામ ખોટી રીતે ચાલી રહેલ હતુ. આમ, વાદી જ જણાવે છે કે, વાદવાળી મિલકતમાં ભીખાભાઈ મંગળભાઈનું નામ ચાલે છે અને પ્રતિવાદી નં.૧, ૨ માલીક હોય દસ્તાવેજ કરેલો છે જેથી દસ્તાવેજ થઈ શકે તેમ નથી દસ્તાવેજ ત્યારે જ રદ થાય કે જયારે દસ્તાવેજ બોગસ ખોટી સહીઓ કરીને કે પૈસા આપ્યા વગર કે ભળતા ઈસમોએ કરેલો હોય તો જ રદ થઈ શકે આ કામે દસ્તાવેજ કરી આપનારા વાદીઓ તો છે જ નહી તેમ છતાં ખોટો દાવો દાખલ

કરેલો છે અને દાવાવાળી મીલકતમાં વાદીઓનો કોઈ હકક કે અધિકાર જ નથી અને આ મીલકત પ્રતિવાદી નં.૧, ૨ ની હતી જેથી તેમણે પ્રતિવાદી નં.૩ ને દસ્તાવેજ કરી આપેલો અને ત્યારબાદ પ્રતિવાદી નં.૩ નાએ પ્રતિવાદી નં.૪,૫ ને દસ્તાવેજ કરી આપેલો છે જે કાયદેસરનો છે જે રદ થઈ શકે તેમ નથી તેમ છતાં ખોટો દાવો કરી નામ.કોર્ટમાં પ્રોસેસનો દુરઉપયોગ કરેલો છે.

વાદીના દાવાનું પ્લીડીગ જોતાં વાદીનો દાવો જે બેઝ ઉપર દાખલ કરવામાં આવેલો છે તે બેઝ જોતાં રેવન્યુ કોર્ટ અને ટેનન્સી કોર્ટની હકીકતો દર્શાવીને દાવો દાખલ કરેલો છે ખરેખર એ કાર્યવાહી જોતાં હાલનો દાવો લીમીટેશનમાં નથી જેથી વાદીનો દાવો લીમીટેશનના કારણે પણ રદ થવાને પાત્ર છે. વધુમાં વાદી જણાવે છે કે, પ્રતિવાદી નં.૧, ૨ નાઓ સરકારના જવાબદાર અધિકારીઓ સાથે છેતરપીંડી અને દગો કરેલાની હકીકત જણવે છે તે બાબતે વાદીઓએ પ્રતિવાદી નં.૧, ૨ સામે કોઈ ફરીયાદ કરેલી નથી કે આ કામે રજુ કરેલ નથી.

વાદીના દાવાના પેરા નં.૧૦ માં વાદીઓ જ જણાવે છે કે, વાદવાળી જમીન અંગે ગણોત સર્ટીફીકેટ પણ પ્રતિવાદી નં.૧ થી ૨ ના લાભમાં જ થયેલો છે જેનો નોંધ નં.૬૯૨ થી પણ પડેલી છે જે બાબતે પણ કોઈ અપીલ કરેલી નથી. એટલુ જ નહીં હાલના પ્રતિવાદી નં.૧, ૨ વારસાઈ હકકે નોંધ નં.૧૯૮૮ થી આવેલા છે તે બાબતે પણ હાલના વાદીઓએ કોઈ અપીલ દાખલ કરેલ નથી. વધુમાં મુળ ભીખાભાઈ મંગળભાઈ મરી જતા તેમના ૩ વારસદારો હતા જેમાં પ્રતિવાદી નં.૧ અને ૨ હતા અને ત્રીજા સોમાભાઈ ભીખાભાઈ પરમાર નાઓએ પોતાનુ નામ ફેરફાર નોંધ નં.૨૬૦૭ થી કમી પણ કરેલુ છે. આમ, વાદીઓએ સદર મિલકતમાં અગાઉ પડેલી નોંધો પણ રદ કરવા કોઈ અપીલો કરેલ નથી. તેમજ વાદીઓએ દાવામાં યોગ્ય કોર્ટ ફી ભરેલી નથી જેથી કોર્ટ ફી રેફરન્સ કરવા નામ.કોર્ટને જણાવીએ છીએ. વાદીઓએ આ જમીનનો અગાઉ દાવો કરેલ છે તેમ છતાં ફરીથી દાવો કરેલ છે. જેથી પણ દાવો તથા મનાઈ અરજ રદ થવા પાત્ર છે.

ટુંકમાં દાવાવાળી મિલકતના માલીક હાલમાં પ્રતિવાદી નં.૪,૫ છે અને પ્રતિવાદી નં.૪,૫ નાએ પ્રતિવાદી નં.૩ પાસેથી કાયદેસરનો દસ્તાવેજ કરેલો છે અને પ્રતિવાદી નં.૩ નાએ પ્રતિવાદી નં.૧, ૨ પાસેથી પહેલો દસ્તાવેજ કરેલો છે આમ પહેલો દસ્તવોજ રદ

કરવા હાલના વાદીએ કોઈ દાદ માંગેલી નથી. જેથી વાદીનો દાવો સપ્રેશન ઓફ ફેકટસ અને ડીલે ઓફ લેચીસના કારણે રદ થવા પાત્ર છે. વાદીનો સમગ્ર દાવો તદન ખોટી હકીતો ઉપર આધાર રાખે છે અને નામ.કોર્ટ સમક્ષ ચોખ્ખા આવેલ નથી. સત્ય હકીતો છુપાવેલ છે. તેમજ વાદીનો કોઈ પ્રથમ દર્શનીય કેસ નથી. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં નહી પરંતુ અમો પ્રતિવાદી નં.૩, ૪,૫ ના લાભમાં છે. જેથી વાદીને માગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં આવે તો પ્રતિવાદી નં.૩, ૪,૫ ને નાણાંથી ભરપાઈ ન થાય તેવુ નુકશાન જશે ઉલટમાં વાદીને મનાઈ હુકમ આપવામાં નહી આવે તો વાદીને કોઈ નુકશાન જવાનુ નથી પરંતુ ન્યાયનો હેતુ જળવાશે.

આમ અમો પ્રતિવાદી નં.૩, ૪,૫ તરફે વાદીના દાવા તથા કામચલાઉ મનાઈ હુકમની અરજનો જવાબ છે જે ગ્રાહય રાખી વાદીનો દાવો તથા કામચલાઉ મનાઈ હુકમની અરજ રદ કરવા નામ.કોર્ટને જણાવેલ છે.

(૩) જયારે સદર કામે પ્રતિવાદી નં.૧, ૨ નાએ વાદીના દાવા તથા મનાઈ હુકમની અરજનો સંયુકત જવાબ આંક–૧૬ થી રજુ કરી સદર મનાઈ અરજ અન્વયે જણાવેલ છે કે,

વાદીના દાવા તેમજ મનાઈ અરજની તમામ હકીકતો ખોટી હોઈ પ્રતિવાદીઓને લેશમાત્ર કબુલ નથી. તેવુ દાવો કરવા માટે કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી. જેથી વાદીનો દાવો તથા મનાઈ હુકમ અરજ રદ કરવા જણાવેલ છે. આ કામના વાદીએ માંગેલ દાદ મેળવવા તેઓ હકકદાર નથી. તેમજ સદરહું દાવાવાળી જમીન ઉપર વાદીનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, સંબંધ સમાયેલો નથી.

આ કામની ખરી હકીકત એવી છે કે, વાદીઓના પેરા નં.૧ બાબતે કોઈ તકરાર નથી. ત્યારબાદ વાદીના પેરા નં.૨ બાબતે આ કામના પ્રતિવાદી નં.૩ નાઓએ પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓની જાણ બહાર હોય દાવા અરજ નં.૧૭૬/૨૦૧૭ ના કામે તેઓના વકીલશ્રી મારફતે પ્રતિવાદી નં.૩ નાઓને લાભ થાય તેવો જવાબ રજુ કરેલો છે જેથી પ્રતિવાદી નં.૧, ૨ નાઓ વધુ જવાબ નામ.કોર્ટમાં રજુ કરવાના છે. તેમજ વધુમાં જણાવેલ છે કે, પ્રતિવાદી નં.૧, ૨ નાઓએ સદર વેચાણ દસ્તાવેજ નોંધ નં.૨૬૨૪ માં અવેજ નહી મળતા સદર વેચાણની નોંધ સામે વાંધો લેતા મામલતદાર કોર્ટ સાવલીમાં તકરારી કેસ

નં.૨૭/૨૦૧૭ ના કામે આ કમના પ્રતિવાદી નં.૩ નાઓએ પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓની સાથે છળકપટ આચરી, રૂા.૧૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર સમાધાન કરાર કરાવીને નોટરી રજીસ્ટર્ડ નં.૩૧૯૨/૨૦૧૭ થી તા.૨૯/૯/૨૦૧૭ ના રોજ એડવોકેટ એન્ડ નોટરીશ્રી એચ.એલ.ભટ્ટ નાઓ નોટરાઈઝ કરાવેલ અને નોટરાઈઝ કરતા અગાઉ પ્રતિવાદી નં.૧, ૨ નાઓને જણાવેલ કે સદર દસ્તાવેજ નોટરાઈઝ થયા પછી તામરી મિલકતનો અવેજ આપી દઈએ છીએ ત્યારબાદ સદર દસ્તાવેજ નોટરાઈઝ થયા બાદ આ કામના પ્રતિવાદી નં.૩ તથા તેના મળતીયા ઈસમોએ મળીને અમારી સાથે છળકપટ આચરીને નોંધ પ્રમાણિત કરાવી લીધેલ. જેથી પ્રતિવાદી નં.૨ નાઓએ સાવલીના ડે.કલેકટરશ્રીની કોર્ટમાં નોંધ નં.૨૬૨૪ ની સામે આરટીએસ અપીલ નં.૬૦/૧૮ થી દાખલ કેરલ અને મનાઈહુકમની પણ માંગણી કરેલ. જે અપીલ ચાલુ હોવા છતાં પ્રતિવાદી નં.૩ નાઓએ પ્રતિવાદી નં.૪, ૫ નાઓને સદર જમીનનો વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે. ત્યારબાદ વાદીઓના પેરા નં.૩ બાબતે હાલના વાદીઓને સદર મિલકત બાબતે કોઈ હકક અધિકાર નથી અને સદર કામના પ્રતિવાદી નં.૩, ૪ અને ૫ નાઓએ પ્રતિવાદી નં.૧, ૨ નાઓ સામે પણ છળકપટ આચરેલ છે. જેથી વાદીઓ તેમજ પ્રતિવાદી નં.૩,૪ અને ૫ નાઓને હાલના તબકકે કોઈ હકક, હિત, અધિકાર નથી. તેમજ વાદીઓના પેરા નં.૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૧, ૧૬ ની વિગતો સત્યથી વેગળી અને ઉપજાવી કાઢેલ છે જેથી અમોને કબુલ મંજુર નથી. ત્યારબાદ વાદીઓના પેરા નં.૧૦ બાબતેની વિગતો તદન ખોટી પરંતુ તે બાબતે કોઈ તકરાર નથી. ત્યારબાદ વાદીઓના પેરા નં.૧૨ બાબતેની વિગતો તેઓની જાણ બહારની હોય કબુલ મંજુર કે બંધનકર્તા નથી. ત્યારબાદ વાદીઓના પેરા નં.૧૩ ની વિગતો બાબતે કાંઈ કહેવુ નથી. ત્યારબાદ વાદીઓના પેરા નં.૧૪ ની વિગતો બાબતે અજાણ હોય જેથી તમામ વિગતો કબુલ મંજુર અને બંધનકર્તા નથી. ત્યારબાદ વાદીઓના પેરા નં.૧૫ ની વિગતો બાબતે પ્રતિવાદી નં.૧, ૨ નાઓને પુરતો અવેજ મળેલ ના હોય જેથી કોઈ તકરાર ઉત્પન્ન થયેલ હોય જેથી સદર બાબતે કાંઈ કહેવુ નથી. ત્યારબાદ વાદીઓના પેરા નં.૧૭ ની વિગતો બાબતે પ્રતિવાદી નં.૧, ૨ નાઓને પણ સદરહું વાદગ્રસ્ત મિલકતનો વેચાણનો પુરતો અવેજ મળેલ ના હોય જેથી રેવન્યુ રેકર્ડમાં અપીલો દાખલ કરેલ છે અને ત્યારબાદ સીવીલ કોર્ટમાં દાવાઓ દાખલ કરવાના છે જેથી હાલના

વાદીઓને દાવો દાખલ કરવાનું કોઈ કાયદેસરનું કારણ ઉપસ્થિત થતુ નથી. ત્યારબાદ વાદીઓના પેરા નં.૧૯ ની વિગતો બાબતે વાદીઓને સદર અરજ કરવાનો કોઈ અધિકાર નથી જેથી તેઓએ જણાવેલ તમામ વિગતો ખોટી અને પાઠાફેર હોય પ્રતિવાદી નં.૧, ૨ નાઓને કબુલ મંજુર કે બંધનકર્તા નથી. તેમજ વાદીઓના પેરા નં.૨૦ ની વિગતો બાબતો હાલના વાદીઓને કુલમુખત્યારના આધારે હાલનો દાવો કરવાનો કોઈ હકક, હિત, અધિકાર ન હોય કબુલ મંજુર કે બંધનકર્તા નથી.

તેમજ વધુમાં ખરી હકીકતે જણાવેલ છે કે, દાવાવાળી જમીન પ્રતિવાદી નં.૧, ૨ નાઓની વડીલોપાર્જીત અને વારસાઈ હકકે પ્રાપ્ત થયેલ છે. સદર જમીન પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓને વારસાઈ નોંધ નં.૧૯૮૮ તા.૨૪/૨/૨૦૦૦ ના રોજ પ્રતિવાદી નં.૧, ૨ નાઓના પિતાશ્રી ભીખાભાઈ મંગળભાઈ પરમારનાઓ તા.૨૫/૬/૧૯૭૭ ના રોજ મરણ થયા બાદ વારસાઈ હકકે પ્રાપ્ત થયેલ છે. તે અગાઉ તેમના પિતાશ્રી ભીખાભાઈ મંગળભાઈ પરમારનાઓને સદર જમીન તા.૧/૪/૧૯૬૯ ની વિગતે સર્વે નં.૧૭/૧ તથા ૧૮ વાળી જમીનો, જમીન ખરીદ વેચાણ કિંમત રૂા.૫૬૮.૪૮ ના આદેશ નં.૬, નં.૩૨–ગ–૨ લસુન્દ્રા તા.૨૮/૩/૧૯૬૯ ગણોતીયા તરીકે મળેલી અને પ્રતિવાદી નં.૧ અને તેમના પિતા કબજેદાર તરીકે દાખલ થયેલા. દાવાવાળી જમીન પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓના પિતાએ છગનભાઈ સોમેશ્વર જોષી પાસેથી વેચાણ કિંમત રૂા.૫૬૮.૪૮ વાર્ષિક ૭ (સાત) હપ્તાથી લીધેલ. જેનો પ્રથમ હપ્તો તા.૨૨/૩/૧૯૭૦ થી લેવાના હકકદાર ઠરેલા છે.

સદર જમીન પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓની વડીલોપાર્જીત વારસાઈ હકકે પ્રાપ્ત થયેલ છે. સદર જમીનમાં વર્ષો વર્ષ કબજો પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓના પિતા બાદ પ્રતિવાદીઓ પાસે રહેલો છે. જેથી સદર જમીન પ્રતિવાદી નં.૧, ૨ નાઓએ પ્રતિવાદી નં.૩ નાઓને રૂા.૩૦,૦૦,૦૦૦/– માં વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી આ કામના પ્રતિવાદીએ તેમની પાસે તા.૫/૫/૨૦૧૭ ના રોજ વેચાણ દસ્તાવેજ નં.૬૫૮/૨૦૧૭ થી વેચાણ દસ્તાવેજ કરાવી લીધેલ અને દસ્તાવેજ કર્યા બાદ પ્રતિવાદી નં.૧, ૨નો દસ્તાવેજમાં નકકી થયા મુજબનો વેચાણ વ્યવહારનો અવેજ આપેલ નહી અને રેવન્યુ રેકર્ડના હકકપત્રક–૬ માં નોંધ નં.૨૬૨૪ થી વેચાણથી નોંધ પડાવી લીધેલ અને સદર જમીનનો

વેચાણ વ્યવહારનો અવેજ પ્રતિવાદી નં.૧, ૨નાઓને આપેલ નહી. જેથી પ્રતિવાદી નં.૧, ૨ નાઓએ સદર નોંધ નં.૨૬૨૪ ની સામે વાંધા અરજ આપતા સદર નોંધ તકરારી રજીસ્ટર કેસ નં.૨૭/૧૭ થી મામલતદાર, સાવલી સમક્ષ ઉપસ્થિત થયેલ. જે કામે ચાલુ તકરાર દરમ્યાન આ કામના પ્રતિવાદી નં.૩ નાઓએ તેઓના મળતીયા ઈસમો સાથે મળી પ્રતિવાદી નં.૧, ૨નાઓનો અવેજ રૂા.૩૦,૦૦,૦૦૦/– તાત્કાલીક આપવાની શરતે તા.૨૦/૯/૨૦૧૭ ના રોજ નોટરી શ્રી એચ.એલ.ભટ સાહેબની રૂબરૂમાં સમાધાન કરાવી નોટરી રજી નં.૩૧૯૨/૧૭ થી સમાધાન કરાવીને પ્રતિવાદી નં.૧, ૨ નાઓને કોઈ અવેજ આપ્યા વગર છેતરપીંડી કરેલ અને ત્યારબાદ સદર દાવાવાળી જમીન પ્રતિવાદી નં.૪ અને ૫ નાઓને વેચાણ દસ્તાવેજ નં.૯૧૪ તા.૨૪/૫/૨૦૧૯ થી કરી આપેલ જેની નોંધ રેવન્યુ રેકર્ડમાં નોંધ નં.૨૬૮૧ થી પડેલ.

પ્રતિવાદી નં.૧, ૨ નાઓએ સદર વાદવાળી જમીનની નોંધ નં.૨૬૨૪ ની સામે મામલતદારશ્રીના હુકમ સામે ડે.કલેકટર સાહેબશ્રી સાવલી સમક્ષ આર.ટી.એસ. નં.૬૦/૧૮ થી તા.૯/૪/૨૦૧૮ થી પ્રતિવાદી નં.૩ ના વિરૂધ્ધમાં દાખલ કરેલ જેમાં વચગાળાની મનાઈહુકમની પણ માંગણી કરેલ હતી પરંતુ તે દરમ્યાન ડે.કલેકટરની બદલી થઈ ગયેલ હોય જેથી વચગાળાની મનાઈહુકમની અરજી ચાલી શકે નહી અને પ્રતિવાદી નં.૩ નાઓએ પ્રતિવાદી નં.૪, ૫ નાઓને જમીન તબદીલ કરી દીધેલ.

આમ પ્રતિવાદી નં.૩ નાઓએ પ્રતિવાદી નં.૧, ૨ નાઓ સાથે છેતરપીંડી કરેલ હોય તા.૨૩/૩/૨૦૧૯ ના રોજ મે.પોલીસ અધિક્ષક સાહેબશ્રીને છેતરપીંડી કર્યા અંગેની ફરીયાદ આપેલ છે.

આમ, અમો પ્રતિવાદી નં.૧, ૨ નાઓની વડીલોપાર્જીત વારસાઈ હકકે પ્રાપ્ત થયેલ મિલકત બાબતે આ કામના વાદીઓ કે પ્રતિવાદી નં.૩, ૪, ૫ નાઓ પ્રતિવાદી નં.૧ , ૨ નાઓની ખેતી વિષયક મિલકત પચાવી પાડવા માંગતા હોય, જેથી તેઓને કોઈ હકક હીત કે અધિકાર નથી.

આ કામના વાદીઓએ આપ નામ.કોર્ટમાં પ્રતિવાદી નં.૧, ૨ નાઓની વિરૂધ્ધમાં તેઓનો દાવાવાળી મિલકતમાં કોઈ લાગ–ભાગ, હકક–હીત, હિસ્સો, અધિકાર નહી હોવા છતાં પણ ખોટો દાવો દાખલ કરીને પ્રતિવાદી નં.૧, ૨ નાઓની વડીલોપાજીત

વારસાઈ હકકે મળેલ મિલકત ગેરકાયદેસર રીતે પચાવી પાડવાના પ્રયત્નો કરેલા છે તેમજ આ કામના પ્રતિવાદી નં.૩,૪,૫ નાઓએ પ્રતિવાદી નં.૧, ૨ નાઓની વડીલોપાર્જીત વારસાઈ મિલકત છેતપરપીંડી કરીને તેઓ વિધવા વૃધ્ધ બાઈ ઈસમો સાથે છળકપટ આચરી ગેરકાયદેસર રીતે નકકી થયા મુજબનો વેચાણ અવેજ નહી ચુકવીને જમીન ખોટી રીતે પચાવી પાડવાના કૃતયો કરેલા છે. જેથી આ કામના વાદીઓની દાવા તથા મનાઈ અરજ ખર્ચ સહ રદ કરવા ન્યાયના વિશાળ હીતમાં હુકમ કરવા જણાવેલ છે.

(૪) સદર કામે વાદી તરફે રજુ કરેલો દસ્તાવેજ ધ્યાને લેતાં, નિ.૪/૧ થી જુના સર્વે નં.૧૭ ના નમુના ૭/૧૨ ની ૧૯૫૧–૫૨ થી ૧૯૬૦–૬૧ ની નકલ રજુ કરેલ છે. નિ.૪/૨ થી જુના સર્વે નં.૧૭ ના નમુના ૭/૧૨ ની ૧૯૭૧–૭૨ થી ૧૯૮૦–૮૧ ની નકલ રજુ કરેલ છે. નિ.૪/૩ થી જુના સર્વે નં.૧૭ ના નમુના ૭/૧૨ ની ૧૯૮૧–૮૨ થી ૧૯ ૮૫–૮૬ ની નકલ રજુ કરેલ છે. નિ.૪/૪ થી જુના સર્વે નં.૧૭ ના નમુના ૭/૧૨ ની ૧૯૬૧–૬૨ થી ૧૯૬૦–૭૧ ની નકલ રજુ કરેલ છે. નિ.૪/૫ થી જુના સર્વે નં.૧૭ ના નમુના ૭/૧૨ ની ૧૯૮૧–૮૨ થી ૧૯૮૬–૮૭ ની નકલ રજુ કરેલ છે. નિ.૪/૬ થી જુના સર્વે નં.૧૮ ના નમુના ૭/૧૨ ની ૧૯૫૧–૫૨ થી ૧૯૬૦–૬૧ ની નકલ રજુ કરેલ છે. નિ.૪/૭ થી જુના સર્વે નં.૧૮ ના નમુના ૭/૧૨ ની ૧૯૬૧–૬૨ થી ૧૯૬૪–૬૫ ની નકલ રજુ કરેલ છે. નિ.૪/૮ થી જુના સર્વે નં.૧૮ ના નમુના ૭/૧૨ ની ૧૯૬૬–૬૭ થી ૧૯૭૦–૭૧ ની નકલ રજુ કરેલ છે. નિ.૪/૯ થી બ્લોક નં.૧૩ ના નમુના નં.૭ ની નકલ રજુ કરેલ છે. નિ.૪/૧૦ થી બ્લોક નં.૧૩ ના નમુના નં.૧૨ ની નકલ રજુ કરેલ છે. નિ.૪/૧૧ થી બ્લોક નં.૧૩ ના નમુના નં.૮–અ ની નકલ રજુ કરેલ છે. નિ.૪/૧૨ થી બ્લોક નં.૮૧ ના નમુના નં.૭ ની નકલ રજુ કરેલ છે. નિ.૪/૧૩ થી બ્લોક નં.૮૧ ના નમુના નં.૧૨ ની નકલ રજુ કરેલ છે. નિ.૪/૧૪ થી બ્લોક નં.૮૧ ના નમુના નં.૮–અ ની નકલ રજુ કરેલ છે. નિ.૪/૧૫ થી ફેરફાર નોંધ નં.૨૦૪/૩૪ ની નકલ રજુ કરેલ છે. નિ.૪/૧૬ થી ફેરફાર નોંધ નં.૪૧૭ ની નકલ રજુ કરેલ છે. નિ.૪/૧૭ થી ફેરફાર નોંધ નં.૪૯૯ ની નકલ રજુ કરેલ છે. નિ.૪/૧૮ થી ફેરફાર નોંધ નં.૫૧૬ ની નકલ રજુ કરેલ છે. નિ.૪/૧૯ થી ફેરફાર નોંધ નં.૫૬૪ ની નકલ રજુ કરેલ છે. નિ.૪/૨૦ થી ફેરફાર નોંધ

નં.૬૫૬ ની નકલ રજુ કરેલ છે. નિ.૪/૨૧ થી ફેરફાર નોંધ નં.૬૯૨ ની નકલ રજુ કરેલ છે. નિ.૪/૨૨ થી ગણોત કેસ નં.૩૭૨/૧૯૮૯ માં મામલતદાર અને કૃષિપંચશ્રીએ કરેલ હુકમની નકલ રજુ કરેલ છે. નિ.૪/૨૩ થી ફેરફાર નોંધ નં.૧૨૧૮ ની નકલ રજુ કરેલ છે. નિ.૪/૨૪ થી ફેરફાર નોંધ નં.૧૯૮૮ ની નકલ રજુ કરેલ છે. નિ.૪/૨૫ થી ફેરફાર નોંધ નં.૨૨૨૫ ની નકલ રજુ કરેલ છે. નિ.૪/૨૬ થી ફેરફાર નોંધ નં.૨૨૬૯ ની નકલ રજુ કરેલ છે. નિ.૪/૨૭ થી ફેરફાર નોંધ નં.૨૬૦૭ ની નકલ રજુ કરેલ છે. નિ.૪/૨૮ થી વાદગ્રસ્ત વેચાણ દસ્તાવેજ નં.૬૫૮/૨૦૧૭ની પ્રમાણિત નકલ રજુ કરેલ છે. નિ.૪/૨૯ થી વાદગ્રસ્ત વેચાણ દસ્તાવેજની ઈન્ડેક્ષ નં.૨ ની નકલ રજુ કરેલ છે. નિ.૪/૩૦ થી વાદગ્રસ્ત વેચાણ દસ્તાવેજની પ્રમાણિત નકલ કઢાવવાની ફી ની પાવતીની નકલ રજુ કરેલ છે. નિ.૪/૩૧ થી ફેરફાર નોંધ નં.૨૬૨૪ ની નકલ રજુ કરેલ છે. નિ.૪/૩૨ થી વાંધા અરજની નકલ રજુ કરેલ છે. નિ.૪/૩૩ થી આર.ટી.એસ.કેસ નં.૨૭/૨૦૧૭ ના કામે મામલતદારશ્રીએ કેરલ હુકમની નકલ રજુ કરેલ છે. નિ.૪/૩૪ થી મામલતદારશ્રીના આર.ટી.એસ.કેસ નં.૨૭/૨૦૧૭ ના હુકમ વિરૂધ્ધ કલેકટરશ્રી સમક્ષ કરેલ અપીલ મેમાની નકલ રજુ કરેલ છે. નિ.૪/૩૫ થી વાદીઓએ સદર દાવાવાળી મિલકત બાબતમાં દાખલ કરેલ સ્પે.દિ.મુ.નં. ૧૭૬/૨૦૧૭ ની દાવા અરજીની પ્રમાણીત નકલ રજુ કરેલ છે. નિ.૪/૩૬ થી સ્પે.દિ.મુ.નં.૧૭૬/૨૦૧૭ ની લીસ પેન્ડન્સની નોટીસ સબ રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં વાદીઓએ નોંધણી નં.૧૪૭૫ તા.૨૭/૯/૨૦૧૭ થી નોંધાવી તેની નકલ રજુ કરેલ છે. નિ.૪/૩૭ થી સ્પે.દિ.મુ.નં.૧૭૬/૨૦૧૭ હાલમાં સીવીલ કોર્ટ, વડોદરામાં પેન્ડીગ હોવા અંગેના ઓનલાઈન કેસ સ્ટેટસની નકલ રજુ કરેલ છે. નિ.૪/૩૮ થી નાયબ કલેકટરશ્રીએ આરટીએસ અપીલ નં.૨૪૭/૨૦૧૪ માં કરેલ હુકમની નકલ રજુ કરેલ છે. નિ.૪/૩૯ થી રીમાન્ડ કેસ નં.૨/૨૦૧૬ માં મામલતદારશ્રીએ કરેલ હુકમની નકલ રજુ કરેલ છે. નિ.૪/૪૦ થી દાવાવાળી મિલકતમાં આવેલ વાદીના મકાનની ગ્રામ પંચાયતે કરી આપેલ આકારણી પત્રકની નકલ રજુ કરેલ છે. નિ.૪/૪૧ થી નિ.૪/૪૯ સુધી દાવાવાળી જમીનના મહેસુલ ભર્યાની પાવતીની નકલ રજુ કરેલ છે. નિ.૪/૫૦ થી સંદેશ દૈનિક પેપરમાં વકીલશ્રી રમેશભાઈ ડી.ખાંટ મારફતે પ્રતિવાદીઓએ પ્રસિધ્ધ કરેલ જાહેર નોટીસની નકલ રજુ કરેલ છે. નિ.૪/૫૧ થી જાહેર નોટીસ સામે વાદીએ રજીસ્ટર્ડ

એ.ડી.થી વાંધો મોકલવા ભરેલ પોસ્ટલ ચાર્જીસની પાવતીની નકલ રજુ કરેલ છે. નિ.૪/૫૨ થી રજી.એડી.થી વાંધો મોકલ્યાના પોસ્ટલ એકનોલેજમેન્ટની નકલ રજુ કરેલ છે. નિ.૪/૫૩ થી બાકીના વાદીઓએ વાદી રાજેશભાઈ છગનભાઈ સોલંકીને નોટરી રૂબરૂ લખી આપેલ કુલમુખત્યારનામાની નકલ રજુ કરેલ છે. નિ.૪/૫૪ થી પ્રતિવાદી નં.૩ યોગેશભાઈએ પ્રતિવાદી નં.૪ અને ૫ ને ગેરકાયદેસર લખી આપેલ વેચાણ દસ્તાવેજ નં.૯૧૪ ની નકલ રજુ કરેલ છે. નિ.૪/૫૫ થી ફેરફાર નોંધ નં.૨૬૮૧ ની નકલ રજુ કરેલ છે. નિ.૪/૫૬ થી ફેરફાર નોંધ નં.૨૬૮૧ સામે અમો વાદીઓએ આપેલ વાંધાની નકલ રજુ કરેલ છે. નિ.૪/૫૭ થી આર.ટી.એસ.નં.૨૪/૨૦૧૮ માં મામલતદારશ્રીએ કરેલ હુકમની નકલ રજુ કરેલ છે. નિ.૪/૫૮ થી પ્રતિવાદી નં.૪ અને ૫ ના નામના નમુના નં.૭ ની નકલ રજુ કરેલ છે. નિ.૪/૫૯ થી પ્રતિવાદી નં.૪ અને ૫ નાએ સદર જમીન ઉપર બરોડા ગુજરાત ગ્રામીણ બેંકમાંથી ધીરાણ લઈ બોજો ઉભો કરેલ તે અંગેની કાચી ફેરફાર નોંધ નં.૨૭૦૨ ની નકલ રજુ કરેલ છે. નિ.૪/૬૦ થી દાવાવાળી મિલકતના ફોટોગ્રાફ કુલ નંગ–૧૩ રજુ કરેલ છે.

(૫) સદર કામે પ્રતિવાદીનાઓ તરફે નિ.૧૫/૧ થી પ્રતિવાદી નં.૩ નાએ પ્રતિવાદી નં.૪ તથા ૫ ને કરી આપેલ રજી.વેચાણ દસ્તાવેજની નકલ રજુ કરેલ છે. નિ.૧૫/૨ થી રજી.વેચાણ દસ્તાવેજ આધારે પડેલ વેચાણની નોંધ ની નકલ નં.૨૬૨૪ પ્રતિવાદી નં.૧, ૨ નાએ ૩ ને કરી આપેલ વેચાણ દસ્તાવેજની નકલ રજુ કરેલ છે. નિ.૧૫/૩ થી પ્રતિવાદી નં.૩ નાએ પ્રતિવાદી નં.૪, ૫ ને કરી આપેલ વેચાણની નોંધ નં.૨૬૮૧ની પ્રમાણિત નકલ રજુ કરેલ છે. નિ.૧૫/૪ થી પ્રતિવાદી નં.૪, ૫ નાએ લીધેલ લોન દાવાવાળી મિલકત ઉપર જેની નોંધ નં.૨૭૦૨ ની નકલ રજુ કરેલ છે. નિ.૧૫/૫ થી દાવાવાળી મિલકતના ખાતા નં.૪૩૦ ની ૮–અ ના ઉતારાની નકલ રજુ કરેલ છે. નિ.૧૫/૬ થી દાવાવાળી મિલકતના ખાતા નં.૧૩ ના ૭ તથા ૧૨ની નકલ રજુ કરેલ છે. નિ.૧૫/૭ થી દાવાવાળી મિલકતમાં પ્રતિવાદી નં.૪ ધ્વારા દાવાવાળી મિલકતમાં ભરેલ મહેસુલ ભર્યાની પાવતીની નકલ રજુ કરેલ છે.

(૬) સદરહું કામે પક્ષકારોના વિ.વ.શ્રી.ની અરજીની દલીલ સાંભળવામાં આવેલ છે. જરૂર પડયે ચર્ચા કરવામાં આવેલ છે. સદર કામે રજુ થયેલ તમામ હકીકતો તથા મનાઈ અરજી તથા દાવાનો જવાબ ધ્યાને લેતા અરજીના નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયા છે.

(૭) **-:: મુદ્દા ::-**

(૧) શું વાદી માંગ્યા મુજબનો દરમિયાન મનાઈ હુકમ મેળવવા હકકદાર છે ?

(૨) શું હુકમ ?

**નિર્ણયો :-**

ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) અંશતઃ હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**-:: કારણો ::-**

(૮) **મુદ્દા નં.૧**

મનાઈ હુકમ આપવો કે ન આપવો એ અદાલતની વિવેકાધિન સત્તા છે પરંતુ આ સત્તાનો ઉપયોગ પૂરતા કારણો અને ન્યાયિક અને કાયદાકીય સિધ્ધાંતોથી સમર્થનકારક હોવો જોઈએ. મનાઈ હુકમ આપવાથી જો સામા પક્ષકાર મુશ્કેલીમાં મુકાઈ જાય તો તેવી સત્તાનો ઉપયોગ કરી શકાય નહી અને મનાઈ હુકમ માંગનારે પોતે હકીકત અને કાયદાકીય સિધ્ધાંતોથી મજબુત પ્રથમદર્શનીય કેસ ધરાવે છે તે હકીકત પ્રાથમિક રીતે અદાલત સમક્ષ લાવવી જોઈએ એટલું જ નહી પરંતુ પક્ષકારો વચ્ચેની તકરાર પણ શુધ્ધબુધ્ધિપૂર્વકની હોવી જોઈએ. કેટલીક વખત એવું બને છે કે બંને પક્ષકારો તરફથી સાચી હકીકત કોર્ટના રેકર્ડ ઉપર લાવવામાં આવતી નથી અથવા તો સાચી હકીકતોના બદલે તેમાં અતિશયોકિત અથવા ન્યુનતાપૂર્વકની અથવા તો અધુરી વિગત અદાલતના રેકર્ડ ઉપર લાવવામાં આવતી હોય છે અગર તેવા સંજોગોમાં મનાઈ હુકમ આપવામાં આવે અથવા ન આપવામાં આવે ત્યારે સામા પક્ષકાર મુશ્કેલીમાં મુકાતા હોય છે. બલ્કે અન્ય દાવા દુવીના

પ્રકરણો ઉપસ્થિત થાય છે અને કેટલીક વખત એવું બને છે કે, અદાલતમાં ન્યાયની માંગણી કરવા આવનાર ઈસમ ન્યાય મેળવવાના પ્રાથમિક તબકકે જ નિષ્ફળતા મેળવે છે અને તેના પરીણામે અન્ય દાવા–દુવીના પ્રકરણોમાં તેને ઉતરવું પડે છે. પ્રથમ દર્શનીય કેસનો અર્થ એવો નથી કે તે માંગનારે એટલે કે વાદીએ તેનો કેસ સાબિત કર્યો છે એટલે કે તેઓ ખૂબ જ મુશ્કેલીમાં છે તેથી તેઓ હુકમ મેળવવા હકકદાર છે. વાદીએ પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરવા માટે ભારતીય પુરાવા ધારાના સામાન્ય સિધ્ધાંતો સાથે સંબંધિત કાનૂની પ્રબંધોથી તેવી હકીકતોને અનુમોદન મળવું જોઈએ. માત્ર પ્રથમ દર્શનીય કેસની હાજરી માત્રથી જ વાદી તેવો હુકમ મેળવી શકે નહી, બલ્કે ગંભીર નાણાંકીય નુકશાન કે જે વળતર આપવાથી પણ ભરપાઈ થઈ શકે તેમ નથી તેવું સાબિત કરવું જોઈએ તેની સાથે મનાઈ હુકમ મેળવવા સિવાય બીજો વિકલ્પ નથી તેવું પણ બતાવવું પડે વળી બંને પક્ષકારોની સરખામણીએ મનાઈ હુકમથી કયાં પક્ષકારને અગવડ પડશે તે તરફે ઘ્યાન દોરવાનો તેમનો પ્રયત્ન રહેવો જોઈએ. બીજો સિધ્ધાંત એવો છે કે, મનાઈ હુકમથી વાદીને તેઓના અધિકારો ઉપર જે તરાપ પડે છે તે તરાપ સામે અગર રક્ષણ આપવામાં ન આવે તો તેઓનો દાવો નિષ્ફળ જશે અથવા દાવાનો હેતુ માર્યો જશે તેથી તે ત્વરીત દાદ મેળવવા હકકદાર છે તેવું બતાવવું પડે. આ પ્રકારનું રક્ષણ આપવાથી સામા પક્ષને અથવા તો અન્ય બીજા કોઈ પણ પક્ષને અન્યાય ન થાય તે પણ જોવાની અદાલતની ફરજ છે અને તે રીતે અદાલતે ન્યાયિક સંતુલન જાળવવાનું રહે છે.

ઉપરોકત સિધ્ધાંત ઘ્યાનમાં રાખી વાદીની હકીકત તથા રજુ દસ્તાવેજો તથા વિ.વકીલશ્રીની દલીલ ઘ્યાને લેતા,

ઉપરોકત સિધ્ધાંત ઘ્યાનમાં રાખી વાદીની હકીકત તથા રજુ દસ્તાવેજો તથા વિ.વકીલશ્રીની દલીલ ઘ્યાને લેતા, દાવાવાળી જમીનનાં વાદીના વડીલ ધુળાભાઈ નાથાભાઈ સંરક્ષિત ગણોતીયા હતા તે અંગેનુ નામ ફેરફાર નોંધ નં.૨૦૪/૩૪ તથા ૨૦૪/૮૧ થી દાખલ કરવામાં આવેલ હતું. વાદીના વડીલ ધુળાભાઈ નાથાભાઈ સોલંકી રેવન્યુ સર્વે નં.૧૭/૨, ૧૮, ૧૩૦ અને ૧૩૧ વાળી જમીનો બાબતમાં કૃષિપંચશ્રી, સાવલી કોર્ટમાં ગણોત કેસ નં.૨/૮૪/સી/૮૯ ચાલી ગયેલ જેમાં તા.૨૩/૧૧/૧૯૯શ્ર નાં રોજ હુકમ કરવામાં આવેલ જેમાં જમીનોના માલીક બબુભાઈ ધુળાભાઈ, છગનભાઈ ધુળાભાઈ

અને શનાભાઈ ધુળાભાઈને પ્રતિબંધિત સત્તા પ્રકારથી મળેલ. જે અંગે નિ.૪/૧૫ થી ફેરફાર નોંધ નં.૨૦૪/૩૪ ની નકલ રજુ કરેલ છે.

વધુમાં જણાવેલ છે કે, વાદીના વડીલ ધુળાભાઈ નાથાભાઈ સોલંકી અવસાન પામતાં વારસાઈ હકકે ફેરફાર નોંધ નં.૪૯૯, તા.૨૩/૧૨/૧૯૬૩ થી વારસદારોમાં (૧) રઈજી ઉર્ફે છગનભાઈ ધુળાભાઈ (૨) શનાભાઈ ધુળાભાઈ (૩) લખીબેન ધુળાભાઈ અને (૪) બબુભાઈ ધુળાભાઈનું નામ દાખલ કરવામાં આવેલ હતાં. જે અંગે નિ.૪/૧૭ થી ફેરફાર નોંધ નં.૪૯૯ ની નકલ રજુ કરેલ છે.

વાદીનો વધુમાં એવો કેસ છે કે, વાદીના વડીલ ધુળાભાઈ નાથાભાઈ સોલંકી અને પ્રતિવાદીઓના વડીલ ભીખાભાઈ મંગળભાઈ પરમાર વચ્ચે કોઈપણ પ્રકારનો નજીક કે દુરનો કે કૌટુંબિક સંબંધ ન હતો તે છતાં વાદીના વડીલના અજ્ઞાનતા, અભણપણું, ભોળપણ અને કાયદાકીય જાણકારીના અભાવનો ગેરલાભ લઈ પ્રતિવાદી નં.૧ અને ૨ ના વડીલ ભીખાભાઈ મંગળભાઈ પરમારે દાવાવાળી જમીન ગેરકાયદેસર રીતે પચાવી પાડવા માટે ભાઈઓ ભાગની ખોટી વહેંચણ દેખાડી તથા ગણોતીયા ન હોવા છતાં તથા જમીનનો કબજો ન હોવા છતાં ગેરકાયદેસર રીતે ફેરફાર નોંધ નં.૫૧૬, તા.૧૬/૭/૧૯૬૪ થી પોતાનું નામ દાખલ કરાવી લીધેલ હતું. જે અંગે નિ.૪/૧૮ થી ફેરફાર નોંધ નં.૫૧૬ ની નકલ રજુ કરેલ છે.

વધુમાં વાદીનો કેસ કે પ્રતિવાદીના વડીલ ભીખાભાઈ મંગળભાઈનુ નામ ગેરકાયદેસર રીતે ભાઈઓ ભાગથી વહેંચણ દાખલ થયેલ જે શરત ભંગ થયેલ જે કબજો મુળ સ્થિતિ ત્રણ માસમાં પુનઃસ્થાપિત કરવા જો નહી કરવામાં આવે તો બોજા વગર સરકારશ્રીમાં દાખલ કરવાનો હુકમ કરવામાં આવેલ જે હુકમ હકક પત્રકે ફેરફાર નોંધ નં.૧૨૧૮, તા.૬/૨/૧૯૯૩ થી પ્રમાણિત કરવામાં આવેલ. જે અંગે નિ.૪/૨૩ થી ફેરફાર નોંધ નં.૧૨૧૮ ની નકલ રજુ કરેલ છે. વધુમાં જણાવેલ કે, સદરહું ફેરફાર નોંધની અસર જમીનનાં નમુના નં.૭/૧૨ અને ૮ અ માં ભુલ અથવા શરતચુકથી આપવામાં આવેલ ન હતી જેથી પ્રતિવાદીનાં વડીલ ભીખાભાઈ મંગળભાઈનું નામ ખોટી રીતે રેવન્યુ રેકર્ડમાં ચાલી રહેલ હતુ ત્યારબાદ ભીખાભાઈ મંગળભાઈ તા.૨૫/૬/૧૯૭૭ ના રોજ અવસાન થવાથી વારસાઈ ફેરફાર નોંધ નં.૧૯૮૮, તા.૨૪/૨/૨૦૧૦ થી સોમાભાઈ ભીખાભાઈ

પરમાર તથા પ્રતિવાદી નં.૧ અને ૨ ના નામ રેવન્યુ રેકર્ડમાં દાખલ થયેલ હતાં. જયારે સોમાભાઈ ભીખાભાઈ પરમારનાં અવસાન થવાથી તેની ફેરફાર નોંધ નં.૨૬૦૭, તા.૧/૨/૨૦૧૭ થી તેમનું નામ કમી કરવામાં આવેલ છે. જે અંગે નિ.૪/૨૪ અને ૪/૨૭ થી ફેરફાર નોંધ નં.૧૯૮૮, ૨૬૦૭ ની નકલ રજુ કરેલ છે. ત્યારબાદ વાદીનો વધુમાં કેસ કે પ્રતિવાદી નં.૧ અને ૨ તથા મૈ.સોમાભાઈ ભીખાભાઈનાઓએ સંમતિ કરારો લખી આપેલ જમીન છગનભાઈ ધુળાભાઈનાં નામે દાખલ કરવા આપેલ હતી જેની કાચી ફેરફાર નોંધ નં.૨૨૬૯ પડેલ જે ટેકનીકલ કારણ સર રદ થયેલ જે આરટીએસ અપીલ નં. ૨૪૭/૧૪ થી દાખલ થયેલ જે રીમાન્ડ કરવામાં આવેલ જે નામંજુર થયેલ છે.

વાદીની વધુમાં રજુઆત છે કે, પ્રતિવાદી નં.૧ અને ૨ ના વડીલ ભીખાભાઈનું સદરહું દાવાવાળી જમીનમાં મુળથી જ ખોટી અને ગેરકાયદેસર નામ હોવા છતાં પ્રતિવાદી નં.૧ અને ૨ રેવન્યુ રેકર્ડમાં નામ ચાલતું હોવાથી દાવાવાળી મિલકતનો વાદીના હીતને નુકશાન પહોંચાડવાના બદઈરાદાથી પ્રતિવાદી નં.૩ નાઓને વેચાણ દસ્તાવેજ નં.૬૫૮, તા.૫/૫/૨૦૧૭ થી કરી આપેલ છે.

વાદીનો વધુમાં કેસ છે કે, દાવાવાળી મિલકતમાં છેલ્લા ૭૦ વર્ષ કરતાં વધુ સમયથી સ્થળ પરનો પ્રત્યક્ષ કબજો વાદી ધારણ કરતા આવેલા છે. જેમાં હમણાં સુધી પ્રતિવાદીઓ કે તેઓના વડીલોએ કોઈ હેલો હરકત કરેલ ન હતી અને પ્રતિવાદી નં.૧ અને ૨ નાએ પ્રતિવાદી નં.૩ નાઓને વેચાણ દસ્તાવેજ કરી આપેલ જેમાં ફેરફાર નોંધ પાડવા સામે લેખિત વાંધા રજુ કરતાં પ્રતિવાદીઓ ઉશ્કેરાઈ જઈ ઝનુની બની ગયા હોય અને સ્થળ પર આવી બળજબરી પુર્વક કબજો છીનવી લેવા ધાક ધમકી આપતાં સ્પે.દાવા નં.૧૫/૨૦૧૯ નો દાવો કરેલાનું જણાવેલ છે. જે દાવો ઉભેલ હોવા છતાં પ્રતિવાદી નં.૩ નાઓએ તા.૨૪/૫/૨૦૧૮ ના રોજ વેચાણ દસ્તાવેજ નં.૯૧૪ થી પ્રતિવાદી નં.૪ અને ૫ નાઓને વેચાણ દસ્તાવેજ કરી આપેલ જે અંગેની નિ.૪/૫૪ થી વેચાણ દસ્તાવેજની નકલ રજુ કરેલ છે. સદરહું હકીકત ધ્યાને લેતાં એવુ પ્રથમ દર્શનીય જણાય છે કે, વાદીઓએ પ્રતિવાદી નં.૧ થી ૩ ના સામે દાવા નં.૧૫/૨૦૧૯ નુ તા.૧૨/૬/૨૦૧૭ ના રોજ કરેલ હોવા છતાં ત્યારબાદ પ્રતિવાદી નં.૩ નાએ ચાલુ દાવે પ્રતિવાદી નં.૪ અને ૫

નાઓને વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે જે વેચાણ દસ્તાવેજ રદબાતલ જાહેર કરવા હાલનો દાવો કરેલ હોવાનુ જણાય છે.

જયારે પ્રતિવાદીનો રજુઆત ધ્યાને લઈએ તો, વાદવાળી જમીન પ્રતિવાદી નં.૧ અને ૨ ને નોંધ નં.૬૯૨ ટ્રીબ્યુનલના આદેશ નં.૬/૩૨/ટી/૨, તા.૨૮/૩/૧૯૬૯ નો આદેશ છે. જે સામે વાદીએ આજદિન સુધી કોઈ તકરાર લીધેલ નથી. વધુમાં જણાવેલ છે કે, પ્રતિવાદી નં.૧ અને ૨ ના પિતા ભીખાભાઈ મંગળભાઈને દાવાવાળી મિલકત ગણોતધાર હેઠળ મળેલ છે અને  પ્રતિવાદી નં.૧ અને ૨ તેમના સીધી લીટીના વારસદાર છે જે રીતે પ્રતિવાદી નં.૧ અને ૨ કાયદેસરના માલીક કબજેદાર અને ભોગવટેદાર છે. વાદીઓ અને પ્રતિવાદીઓ વચ્ચે કોઈ સીધી લીટીનો સંબંધ નથી અને તેઓની અટક પણ અલગ અલગ છે જેથી સદરહું દાવાવાળી મિલકત  પ્રતિવાદી નં.૧ અને ૨ વડીલો પાજીત મિલકત છે. વધુમાં પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓએ તે હેસિયતથી પ્રતિવાદી નં.૩ નાને વેચાણ અવેજ લઈ વેચાણ કરેલ હોય અને ત્યારબાદ પ્રતિવાદી નં.૩ નાએ પ્રતિવાદી નં.૪ અને ૫ નાને હાલની દાવાવાળી મિલકત કાયદેસરનો અવેજ લઈ વેચાણ કરેલ છે. જેથી વાદીઓ ચોખ્ખા હાથે આવેલ ન હોય સત્ય હકીકત છુપાવેલ હોય દાવો તથા કામચલાઉ મનાઈ અરજ થવા રજુઆત કરેલ છે.

ઉપરોકત બંને પક્ષકારોની હકીકત ધ્યાને લેતાં એવું પ્રથમ દર્શનીય જણાય આવે છે કે, વાદીના વડીલ ધુળાભાઈ નાથાભાઈ દાવાવાળી મિલકત બાબતે કૃષિપંચશ્રી, સાવલીની કોર્ટમાં ગણોતકેસ નં.૨/૮૪સી/૩૭૨/૮૯, તા.૨૩/૧૧/૧૯૯૨ ના રોજ કરવામાં આવેલ જેમાં બબુભાઈ ધુળાભાઈ, છગનભાઈ ધુળાભાઈ અને શનાભાઈ ધુળાભાઈને પ્રતિબંધિત સત્તા પ્રકારથી મળેલ અને ત્યારબાદ ધુળાભાઈ નાથાભાઈ ગુજરી જતાં વાદીઓના નામ દાખલ કરવામાં આવેલ જે નિ.૪/૧૫ અને ૪/૧૭ થી પ્રથમ દર્શનીય જણાય છે. ત્યારબાદ પ્રતિવાદીઓના વડીલ ભીખાભાઈ મંગળભાઈ પરમારનાઓનુ નામ ભાઈઓ ભાગની વહેચણથી ફેરફાર નોંધ નં.૫૧૬ થી દાખલ થયેલ જે નિ.૪/૧૮ થી રજુ થયેલ છે. જે જોતાં વાદીનો કેસ પ્રથમ દર્શનીય માલુમ પડે છે. જયારે વાદીના વડીલના નામને આધારે પ્રતિવાદી નં.૧ અને ૨ ના નામ રેવન્યુ રેકર્ડમાં ચાલી આવેલ અને તે આધારે  પ્રતિવાદી નં.૧ અને ૨ નાએ પ્રતિવાદી નં.૩ નાને તા.૦૫/૦૫/૨૦૧૭ ના

રોજ વેચાણ દસ્તાવેજ નં.૬૫૮ થી વેચાણ કરેલાનુ પ્રથમ દર્શનીય કેસ માનવાને કારણ રહે છે અને ત્યારબાદ પ્રતિવાદી નં.૩ નાઓએ પ્રતિવાદી નં.૪ અને ૫ નાઓને વેચાણ દસ્તાવેજ નં.૯૧૪ તા.૨૪/૫/૨૦૧૮ ના રોજ વેચાણ કરેલાનું પ્રથમ દર્શનીય માનવાને કારણ રહે છે. જેથી જે ઘ્યાને લેતા હાલ પરીસ્થિતિએ દાવાવાળી મિલકત પૈકી પ્રતિવાદી નં.૪, ૫ ના નામે ટ્રાન્સફર થયેલ હોય અને તે જો ફરીથી અન્ય કોઈને વેચાણ કરી દે તો વાદીને મલ્ટી પ્રોસીડીગ્સમાં ઉતરવુ પડે તે સંજોગોમાં દાવાની દાદ જોઈએ તેમાં શું પ્રશ્નનો નિકાલ થવાનો છે જે તમામ સંજોગો ઘ્યાને લેવામાં આવે વાદીનો પ્રથમ દર્શનીય કેસ ફલિત થતો હોય જો પ્રતિવાદી વેચાણ દસ્તાવેજના આધારે દાવાવાળી જમીન અન્ય વ્યકિતને ટ્રાન્સફર કરી દે તો વાદીને ગંભીર નુકશાન થવાની ભીતી રહેલ છે તેવા સંજોગોમાં જે દુષ્કૃત્ય સામે વળતર અપૂરતું હોય કે વળતર મળી શકે તેમ ન હોય તેવી નુકશાન કરવાની ધમકી પ્રતિવાદી અમલમાં મુકશે એવી દહેશત કે ભયથી તેને અટકાવવાની જરૂર હોય મનાઈ હુકમની માંગણી સિવાય તેના માટે બીજી કોઈ ન્યાયી દાદના વિકલ્પો નથી કે જેથી તે પોતાના હકકનું રક્ષણ કરી શકે અને ઉભા થયેલા કે થતા નુકશાનને કે નુકશાનના ભયને અટકાવી શકે અને તેના રક્ષણ માટે અદાલતનો હસ્તક્ષેપ નિ:શંકપણે જરૂરી હોય તેવું જણાતું હોય, તદઉપરાંત કામચલાઉ મનાઈ હુકમ મંજુર કરવામાં આવે તો મનાઈ હુકમથી કોને વધારે પ્રતિકૂળ અસર પડે છે અને કોને વધારે અનુકૂળ અસર પડે છે તેનો પરસ્પર વિચાર કરીએ તો હાલના દાવામાં પ્રતિવાદી પાસે રજી.વેચાણ દસ્તાવેજ હોય તેવા સંજોગોમાં તેની સમતુલા વાદીની તરફેણમાં અંશતઃ જણાતી હોય. પ્રતિવાદીઓની તરફેણમાં નથી અને મનાઈ હુકમ આપવામાં આવે તો પ્રતિવાદીને નુકશાન જવાનો સંભવ છે કે નહી તેનો વિચાર કરીએ તો તે પણ વાદીની તરફેણમાં જણાતી હોય. જેથી મુદ્દા નં.૧ નો જવાબ અંશતઃ હકારમાં આપી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરું છું.

## **–:: હુકમ ::–**

૧. વાદીની હાલની આંક–૫ ની અરજી આથી **"અંશતઃ મંજુર"** કરવામાં આવે છે.

પ્રતિવાદીઓને આથી એવો કામચલાઉ મનાઈ હુકમ આપવામાં આવે છે કે, મોજે લસુન્દ્રા, તા.સાવલી, જિ.વડોદરાની ખેતીની જમીન સર્વે નં.૧૩

(જુના સર્વે નં.૧૭/ર તથા ૧૮) વાળી ખેતી વિષયક જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.૦–૮૪–૯૮ વાળી દાવાવાળી મિલકત સદરહું દાવાનો નિકાલ ન થાય ત્યાં સુધી પ્રતિવાદી કોઈને વેચે–વેચાવે નહી, ટ્રાન્સફર, બક્ષિસ કે ઈતર કોઈ પણ રીતે તબદીલ એસાઈન કરે કરાવવી નહી.

ર. આ અરજીનો ખર્ચ દાવાના આખરી હુકમને અનુસરશે.

હુકમ આજ તારીખ ૧પ મી માહે.નવેમ્બર, સને–ર૦ર૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૧પ/૧૧/ર૦ર૧**
સાવલી

**(રાજેશ માંદીયાભાઈ ઘોડી)**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,સાવલી
જજ કોડ નં.જીજે.૦૧૧૭પ

(આર.એમ.રાણા–સ્ટેનોગ્રાફર)